Acknowledgement

## નિવેદન

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં મારો રસ હું એમ.એ.માં અભ્યાસ કરતી હતી એ કાળથી બંધાયો અને પછી ક્રમે-ક્રમે વધતો ચાલ્યો. એમ.એ.માં અભ્યાસ દરમ્યાન મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના કેટલાક સર્જકો અને કૃતિઓનો અભ્યાસ કરવાનો થયો. એ સમયગાળા દરમ્યાન મધ્યકાલીન સાહિત્યમાં જ આગળ ચાલીને પીએચ.ડી.નો અભ્યાસ કરવાનું મનોમન વિચાર્યું હતું.

એમ.એ.માં અભ્યાસ દરમ્યાન યુ.જી.સી. દ્વારા લેવાતી 'નેટ'ની પરીક્ષામાં જુનિયર રિસર્ચ ફેલોશીપ મંજૂર થતાં એમ.એ. પૂરું થાય એ પૂર્વે જ મારા આગળના અભ્યાસનું આયોજન આપોઆપ ગોઠવવા માંડ્યું હતું. એમ.એ. થયા પછી, ફેલોશીપ મળતાં, મધ્યકાલીન સાહિત્યના વિષયક્ષેત્રમાં સંશોધન કરવાની મારી ઈચ્છા મેં ડૉ. રમણ સોનીસાહેબને જણાવી ને એમના માર્ગદર્શન માટે પણ સંમતિ મેળવી લીધી એ દરમ્યાન, ગુજરાતી સાહિત્યના બહુશ્રુત પંડિત હરિવલ્લભ ભાયાણીસાહેબ સાથે પણ અમારી વાત થઈ : એમણે 'નંદબત્રીસી'નાં પ્રાપ્ત થતાં વિવિધ રૂપાંતરો અને કૃતિઓનો તુલનાત્મક અભ્યાસ કરવા જેવો છે એમ સૂચવ્યું. મને તેમજ શ્રી સોનીસાહેબને પણ એ યોગ્ય જણાયું. પરંતુ, સોનીસાહેબનો એક આગ્રહ એવો હતો કે મધ્યકાલીન સાહિત્ય વિશે પરંપરાગત રીતે કામ ન કરતાં ઐતિહાસિક – તુલનાત્મક અભિગમ રાખીને સ્વરૂપલક્ષી કામ કરવું જોઈએ. એ રીતે આ વિષય નક્કી કર્યો. આ કામ માટે ડૉ. હરિવલ્લભ ભાયાણી અને ડૉ. કનુભાઈ શેઠે રાજસ્થાન પ્રાચ્યવિદ્યા પ્રતિષ્ઠાન, જોધપુર દ્વારા પ્રકાશિત 'નંદબત્રીસી' (૧૯૮૯) પુસ્તકમાં વિવિધ સર્જકોની આ વિષયક આઠ કૃતિઓ અને પરિશિષ્ટરૂપે વિવિધ રૂપાંતરો મૂકી સંશોધન–સંપાદન કાર્ય કર્યું છે. એ મને મહત્ત્વની આધારસામગ્રી તરીકે કામ આવ્યું.

આ સંશોધનકાર્ય દરમ્યાન પુસ્તકાલયના કેટલાક એવા ગ્રંથોનાં સંપર્કમાં આવવાનું થયું કે જેનું બાહ્ય આવરણ ધૂળ–રજકણોનું કાયમી ઘર બની ચૂક્યું હતું. એવા ગ્રંથો પરથી ધૂળ ખંખેરી એમાં પ્રવેશવાનો તથા એને વાંચવા–વિચારવાનો સુખદ અનુભવ આજે પણ તાજો છે. આ ક્ષેત્રે કાર્ય કરતાં કેટલાંક વિઘ્નો પણ નડ્યાં. પ્રાચીન, મધ્યકાલીન સાહિત્યમાં કામ કરનાર કોઈપણ સંશોધકને નડતો મોટો પ્રશ્ન સામગ્રીપ્રાપ્તિનો છે. આમાં મારા માર્ગદર્શક સોની સાહેબ ઉપરાંત મારાં કેટલાંક મિત્રો મને ઘણાં મદદરૂપ થયાં છે. પણ તેમ છતાં કેટલીક સામગ્રી ઘણા પ્રયત્નો કરવા છતાં અંત સુધી ન જ મળી એનો અફસોસ છે. આ ક્ષેત્રે કાર્ય કરતાં પ્રાચીન ગુજરાતી ભાષાની મારી જાણકારી અંગેની મર્યાદાઓ પણ નડી. વિવિધ સર્જકોની જૂની ગુજરાતી અને રાજસ્થાનીમાં રચાયેલી આઠ 'નંદબત્રીસી'ઓમાંથી કેટલીક કૃતિઓમાં અમુક સ્થાને અભ્યાસ કરવા શબ્દકોશોની મદદ લેવી પડી. એવે વખતે જયંત કોઠારી દ્વારા સંપાદિત 'મધ્યકાલીન ગુજરાતી શબ્દકોશ' મારા માટે મહામૂલ્યવાન ગ્રંથ બની રહ્યો. કેટલીક સંસ્કૃત કૃતિઓનો પણ અભ્યાસ કરવાનો થયો. એમાં કેટલાક શબ્દકોશો અને કેટલીક જાણકાર વ્યક્તિઓની મદદથી અભ્યાસ કરવો પડ્યો.

આ ક્ષેત્રે કાર્ય કરતાં ઘણા એવા ગ્રંથોમાંથી પસાર થવાનું થયું કે એ તરફ મારી રસવૃત્તિ આકર્ષિત થઈ, પણ પોતાના લક્ષ્યમાંથી પ્રવાહપતીત થવાનું સંકટ ન આવી પડે એ માટે મારે મારી આ રસવૃત્તિને સંયમિત અને નિયંત્રિત રાખવી પડી છે. સંશોધનકાર્ય દરમ્યાન ઘણા પ્રશ્નો મનમાં ઉદ્‌ભવ્યા હતા અને વિચાર્યું હતું કે હરિવલ્લભ ભાયાણી સાહેબ પાસે જઈ એ અંગે કેટલીક ચર્ચા–વિચારણા કરીશ, પણ તેઓનું અવસાન થતાં તેઓની વિદ્વત્તાનો લાભ લેવાનું મનમાં જ રહી ગયું.

સંશોધનકાર્ય આરંભ્યા બાદ મારી ધારણા પ્રમાણેના સમયગાળા દરમ્યાન અભ્યાસ પૂર્ણ ન કરી શકાયો. કોઈ ને કોઈક કારણોસર સમય અવધિ લંબાતી ગઈ. આ સમયગાળા દરમ્યાન મારા માર્ગદર્શક પ્રૉ. ડૉ. રમણ સોની સાહેબ મધ્યકાલીન સાહિત્યમાં મારા રસ-રુચિને સતત સંકોરવા અને પોષવામાં મદદરૂપ થયા છે. એમની પાસેથી મને સંશોધનની શિસ્ત અને પદ્ધતિ ઉપરાંત જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરે એવું ઘણું જાણવા અને શીખવા મળ્યું છે. મારું સંશોધન કાર્ય નિર્ધારિત સમયમર્યાદામાં પૂરું થાય એ માટે તેઓ સતત પ્રયત્નશીલ રહ્યા છે. એમણે તેમજ એમના હેતાળ પરિવારે મને તેમના જ કુટુંબના એક સભ્ય તરીકે હમેશાં આવકારી છે, સાચવી છે.

મારા આ અભ્યાસમાં મારાં પરિવારજનો અને સગાં સ્નેહીઓએ મને સતત પીઠબળ, પ્રોત્સાહન અને સાથ–સહકાર પૂરા પાડ્યાં છે. મ. સ. યુનિ.ના ગુજરાતી વિભાગના મારા અધ્યાપકો પણ મને સતત પ્રોત્સાહન આપતા રહ્યા છે. અણીના સમયે ભારતીબહેન દલાલ, જયંતભાઈ ઉમરેઠિયા, ઘનશ્યામ ભમ્મર, સાવિત્રીબહેન જોશી ઇત્યાદિ મિત્રો મદદરૂપ થયાં છે. અંતે ઘણો જ ઓછો સમય હોઈ કૉમ્પ્યુટર કૉપી સમયસર તૈયાર થાય એ માટે ભાઈ આકાશ સોની અને એમના મદદનીશ રમેશભાઈ પરમારે ઘણો પરિશ્રમ ઉઠાવ્યો છે.

મારું આ સંશોધનકાર્ય જેટલું મારા ઉદ્યમનું ફળ છે, એટલું જ આ સર્વનાં યોગ્ય માર્ગદર્શન, સાથ–સહકાર, પ્રોત્સાહન, સહાયતા, શુભેચ્છા, વિશ્વાસ, શ્રદ્ધાનું ફળ છે એમ હું માનું છું. મારું આ કાર્ય તેઓના યોગ્ય સહકાર વિના સમયસર પૂરું થવું શક્ય નહોતું. હું આ સર્વના માટે હૃદયપૂર્વક આભારની લાગણી અનુભવું છું. ને મારો આ અભ્યાસ રજૂ કરુ છું.

Kaushi M. Chawda.

૧૦, ઑગસ્ટ ૨૦૦૨ [ કૌશી મહેન્દ્રસિંહ ચાવડા ]